# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

સત્યમેવ જયતે

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com

Website : https://deoamreli.com


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક:યોજના/શિક્ષકદિન/ફાળો/૨૦૨૧-૨૨/ તા.૦૧/૦૯/૨૦૨૧

પરીપત્ર નં- ૭૫૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ,

જિ-અમરેલી

વિષય: ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ શિક્ષકદિન નિમિત્તે ફાળો એકત્ર કરવા બાબત

સંદર્ભ: પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગરના પત્રક્રમાંક:પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૨૧/૪૦૧૬-૪૧૮૨, તા.૨૬/૦૮/૨૦૨૧

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષક દિનની ઉજવણી દરમ્યાન શાળા/કોલેજ દીઠ શિક્ષક દિન નિમિત્તે વધુને વધુ ફાળો એકત્રિત કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું નીચેની સૂચનાઓ ધ્યાને લઇ આયોજન ગોઠવવું.

- આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તારીખ ૫ સપ્ટેમ્બર, શિક્ષક દિનથી શરુ કરી એક અઠવાડિયા સુખી રાખી શકાય.
- ઉપર દર્શાવેલ અભિયાન દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.
- ફાળો એકત્ર કરવાનું અઠવાડિયું પૂરું થાય તરતજ નીચે જણાવેલ બેંકમાં અને જણાવેલ ખાતામાં સબંધિત આચાર્યશ્રીઓએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

| |
|---|
| શિક્ષક દિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે. |
| ખાતાનું નામ: સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર, |
| બેન્કનું નામ: સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, મેઈન બ્રાંચ, સચિવાલય, ગાંધીનગર. |
| ખાતા નંબર: ૧૦૩૨૫૦૬૧૩૬૯ |

- <u>આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી.</u> તેની ખાસ કાળજી લેવી ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતામાં જમા કરાવવાનો રહેશે.

- આપના તરફથી એકત્ર થયેલ ફાળાની રકમ બેંકમાં જમા કરાવ્યા અંગેની પહોચ થાય તેની વિગતો નીચે જણાવ્યા મુજબના પત્રકમાં અત્રેની કચેરીને તા.૧૫/૦૯/૨૦૨૧ સુધીમા બિનચૂક મોકલી આપવાની રહેશે.

| શાળાનું નામ | તાલુકો | જમા કરાવેલ રકમ | જમા કરાવ્યાની તારીખ |
|---|---|---|---|
| | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી